સંક્ષિપ્ત સમાચાર

ખેરગામમાં અંબામાતાજી મંદિરનો રવિવારે આઠમો પાટોત્સવ ઉજવાશે

ખેરગામ : ખેરગામ, દાદરી ફળિયાની પાવન ભૂમિ પર બિરાજમાન આદ્યશક્તિ અંબેમાનો રવિવાર, તા.૯/૨/૨૦૨૫ ના શુભ દિને ૮મો પાટોત્સવની ઉજવણી થશે, માતાજીનો હવન, પૂજા અને ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. રવિવાર સવારના ૦૯-૦૦ વાગ્યાથી વિવિધ કાર્યક્રમોનો પ્રારંભ થશે. જેમાં પ્રાણ પ્રતિષ્ઠાથી લઈને દર વખતે હોમ-પૂજા વિધિ કરાવનાર આચાર્ય અનિલ પુરુષોત્તમ મહારાજ યજ્ઞ વિધિ કરાવશે. રક્તદાન યજ્ઞનો પણ નવ વાગે પ્રારંભ થશે. શનિવારે સાંજે શ્રી ભવાની માતા મંદિર ઝંડાચોકથી મહાત્મા ગાંધી વર્તુળ, આંબેડકર વર્તુળ થઈ બજાર ચીખલી માર્ગે દાદરી ફ.સુધી રંગે ચંગે શોભાયાત્રા નીકળશે. જેમાં સૌ માઈભક્તો જોડાશે. રવિવારે સાંજે યજ્ઞ પુર્ણાહૂતિ બાદ મહાઆરતી થશે અને સાંજે ૬-૩૦ વાગ્યાથી મહાપ્રસાદનુ વિતરણ થશે. રાત્રિના નવ વાગે મુકેશભાઈ તથા સપના ચાવડા યુવા હૈયાઓને રમઝટમાં ગરબાના તાલે ઘૂમાવશે. જેમાં અનેક રાજકીય સામાજિક અગ્રણીઓ, પદાધિકારીઓ તાલુકાના તમામ સરપંચો દર્શનનો લાભ લેવા પધારશે. સમસ્ત માઈ ભક્તોને દાદરી ફ.,અંબિકા યુવક મંડળ તથા સમસ્ત ગ્રામજનો ભાગ લેવા આમંત્રણ પાઠવે છે.

વિશ્વાસઘાતના ગુનામાં વોન્ટેડ ધરમપુરનો ઈસમ ઝડપાયો

ધરમપુર : ધરમપુર પોલીસ મથકમાં વિશ્વાસઘાત-છેતરપિંડિના ગુનામાં દોઢ વર્ષથી વોન્ટેડ ઈસમને એસઓજી ટીમે ઝડપી પાડ્યો હતો. સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંહના માર્ગદર્શન હેઠળ વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક ડો.કરનરાજ વાઘેલાએ વલસાડ જિલ્લાના જુદા-જુદા પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા ગુનાઓના વોન્ટેડને પકડી પાડવા સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન કરાયું હતું. જે અન્વયે વલસાડ એસઓજી ટીમને મળેલી બાતમી આધારે ધરમપુર પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાત, છેતરપિંડિનો નોંધાયેલ ગુનાનો વોન્ટેડ ઈસમ નવીન બેલુભાઈ રાથડ (રહે. તામછડી ગામ, તા.ધરમપુર)ને ઝડપી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

વાંઝણા નાની વાંગરવાડી ખાતે નેત્ર નિદાન કેમ્પ યોજાયો

ઘેજ : વાંઝણા ગામે નેત્ર નિદાન કેમ્પનું આયોજન મહિલા શક્તિ સુપર સીના ઉપપ્રમુખ દ્વારા કરવામાં આવતા ૧૬૫ જેટલા લોકોએ ચેકઅપ કરાવ્યું હતું. ચીખલી તાલુકાના વાંઝણા નાની વાંગરવાડી ખાતે આવેલી પ્રાથમિક શાળા ખાતે હેમાંગીનીબેન વિરલભાઈ પટેલ વાંઝણાના સહયોગથી નવસારીની સ્વામી વિવેકાનંદ નેત્ર મંદિર આંખની હોસ્પિટલ દ્વારા રવિવારના રોજ સવારના સમયે વિના મુલ્યે આંખના નિદાનનો કેમ્પ રાખવામાં આવ્યો હતો. જેમાં ગામના ૧૬૫ જેટલા લોકોનું આંખનું ચેકઅપ કરવામાં આવતા ૬૩ લોકોને મોતીયાનું ઓપરેશનની જરૂરિયાત જણાતા નવસારી સ્થિત હોસ્પિટલ ખાતે વિનામૂલ્યે આગામી સમયમાં કરવામાં આવશે. સાથે ૪૧ જેટલા લોકોને ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ખેરગામના સરપંચ અને કોંગ્રેસ મહિલા શક્તિ સુપર સીના પ્રમુખ ઝરણાબેન પટેલ, માજી તાલુકા પંચાયત પ્રમુખ જયંતિભાઈ, સભ્યો અમુલભાઈ અને ઉમેશભાઈ તેમજ ધોડિયાવાડના ભાવેશભાઈ તેમજ નવસારી જિલ્લા યુથ કોંગ્રેસના ઉપપ્રમુખ આરિફભાઈ સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતા.

પરીયા ગામમાં બે બાઈક અકસ્માતમાં એકનું મોત

પારડી : પારડીના પરીયા અંબાય રોડ ઉપર બે બાઈક સામસામે અથડાતા એક યુવાનનું મોત નીપજ્યું હતું જ્યારે અન્ય બેને ઈજા પહોંચતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. પારડી તાલુકાના પરીયા ગામ તુલસી ઇન્ડસ્ટ્રીઝ કંપનીમાં વગર નંબરની બાઈક લઈને બે યુવાન ધર્મેન્દ્ર ગુલાબ રામ અને પપ્પુ કુશલ રામ (બંને રહે. સેલવાસ, મૂળ બિહાર) આવી રહ્યા હતા. તે દરમિયાન સામેથી આવતી બાઈકનો ચાલક વિપુલ સુકરભાઈ હળપતિ (રહે. પરીયા તા. પારડી) સાથે પરીયા અંબાય રોડ ઉપર તુલસી ઇન્ડસ્ટ્રીઝ કંપનીના ગેટ પાસે સામસામે અથડાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ધર્મેન્દ્રને માથા તથા શરીરના ભાગે ગંભીર ઈજા પહોંચતા મોત નીપજ્યું હતું. જ્યારે પપ્પુને શરીરે ઇજા પહોંચતા વલસાડ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. તેમજ બાઈકચાલક વિપુલ હળપતિને પણ ઇજા પહોંચતા પારડી કુરેશી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. સમગ્ર ઘટના અંગે પારડી પોલીસ મથકે મૃતક ધર્મેન્દ્રના ભાઈ રોશન ગુલાબ રામએ બાઈકચાલક વિપુલ હળપતિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

વાપી સ્ટેશને રાજધાની એક્સપ્રેસ ટ્રેનની અડફેટે યુવકનું મોત

વાપી : વાપી રેલવે સ્ટેશને રાજધાની એક્સપ્રેસ ટ્રેનની અડફેટે ચડેલા યુવકનું મોત નિપજ્યું હતું. વાપી રેલવે પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, વાપી સ્ટેશનેથી ગુરૂવારના રોજ ન્યુ દિલ્લી મુંબઈ સેન્ટ્રલ રાજધાની એક્સપ્રેસ પસાર થઈ રહી હતી તે સમયે ટ્રેનની અડફેટે યુવક આવી ગયો હતો અને તેને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટના સ્થળ પર જ મોત નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ સ્ટેશન માસ્તરે રેલવે પોલીસને કરી હતી. મરનાર યુવકની ઉમર આશરે 40 થી 45 છે અને તેની ઓળખ થઈ શકી ન હતી. આ બનાવ અંગે વાપી રેલવે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. જો કોઈ વાલીવારસ હોય તો વાપી રેલવે પોલીસનો સંપર્ક સાધવો.

ડાંગ જિલ્લાની પાંચ શાળાનાં બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ

સાપુતારા : સુરતનાં પ્રીત ચેરીટેબલ ટ્રસ્ટનાં મેનેજીંગ ટ્રસ્ટી ભારતીબેન વશી તથા કાર્યકર્તાઓ દ્વારા ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાની અંતરીયાળ પ્રાથમિક શાળા ચોક્યા, પ્રાથમિક શાળા રાવચોંડ, પ્રાથમિક શાળા ઇસદર, પ્રાથમિક શાળા પાયરઘોડી, પ્રાથમિક શાળા ગાયખાસનાં કુલ 366 બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. જેમાં સ્કૂલબેગ, રાઈટીંગ પેડ, નોટબુક, કંપાસ, કલર બોક્ષ, પેન, પેન્સિલ, વોટરબેગ, સ્વેટર જેવી બાળકોને ઉપયોગી વસ્તુઓને સામેલ કરવામાં આવી હતી. આ ઉપરાંત હોસ્ટેલમાં રહેતા બાળકો માટે 25 ગાદલા અને ઓશિકા આપવામાં આવ્યાં હતા. પ્રીત ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ડાંગનાં અંતરિયાળ વિસ્તારનાં આદિવાસી ભૂલકા માટે શૈક્ષણિક કિટનું વિતરણ કરતા માસૂમ ભૂલકાઓનાં મોઢે સ્મિત રેડાયુ હતુ અને વાલીઓએ ટ્રસ્ટની માનવતાને બિરદાવી હતી.

સરોંધીમાં માર્ગ ઓળંગી રહેલા ટ્રકચાલકનું વાહન અડફેટે મોત

વલસાડ : વલસાડ સરોંધીમાં વાહન અડફેટે માર્ગ ઓળંગી રહેલ દાહોદના ટ્રકચાલકનું મોત નિપજ્યું હતું. જે બનાવ અંગેની ફરિયાદ વલસાડ રૂરલ પોલીસ મથકમાં કરવામાં આવી હતી.

વલસાડ રૂરલ પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, દાહોદમાં રહેતા કૃણાલ ગિરિશભાઈ બિલવાળ (ઉં.19)ના પિતા ગિરિશભાઈ સુરશીંગભાઈ બીલવાળ (ઉં.43) ટ્રક ડ્રાઈવરની નોકરી કરે છે. ગિરિશભાઈ ગઈકાલે વાપીથી રેતી ખાલી કરી ચીખલી જતા હતા તે દરમિયાન તેઓ સરોંધી મહાદેવ હોટલ પાસે ગાડી પાર્ક કરી માર્ગ ઓળંગી રહ્યા હતા તે સમયે કોઈક વાહનની ટક્કર લાગતા ગંભીર ઈજા પહોંચી હતી. જેને સારવાર માટે 108 એમ્બ્યુલન્સ દ્વારા વલસાડ સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં તેનું સારવાર બાદ મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે કૃણાલ બીલવાળે અજાણ્યા વાહનચાલક સામે વલસાડ રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

વલસાડ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી યોજાનાર છે ત્યારે કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિ જાળવવા

વલસાડ અને ભીલાડમાં પોલીસનું મેગા કોમ્બિંગ

ચાલી-ગોડાઉન મળી અંદાજીત 338 સ્થળોએ ચેકીંગ કરી રૂપિયા 21 હજારનો દંડ કર્યો

દારૂ અને જુગારના 7 કેસ પણ કર્યા

વલસાડ, ભીલાડ, ડુંગરી, ઉમરગામ, મરીન, એલ.સી.બી, એસ.ઓ.જી સહિતના 167 પોલીસ કર્મચારીઓ તૈનાત રહ્યા

વલસાડ : વલસાડ પોલીસે વલસાડ સીટી અને ભીલાડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુરૂવારે મેગા ડે-કોમ્બિંગ કર્યું હતું. જેમાં જુગાર અને દારૂના 7 કેસ, NDPS ચેકીંગ, ભાડાની રૂમો, ચાલીઓ, ગોડાઉન મળી આશરે 338 સ્થળોએ ચેકીંગ, બી-રોલ, વાહન ડિટેઈનના 98 કેસ સહિત કુલ 21000 રૂપિયા સ્થળ દંડ તરીકે વસૂલ્યો હતો. વલસાડ જિલ્લામાં આગામી સમયમા સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી-2025 યોજાનાર છે. ત્યારે કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિ જળવાઇ રહે તે હેતુથી વલસાડ જિલ્લામાં મિલ્કત સંબંધી ગુનાઓ અટકાવવા તથા બનેલા ગુનાઓ શોધી કાઢવા સારૂ સુરત વિભાગ સુરતના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહની સુચના અને વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ. કરનરાજ વાઘેલાના માર્ગદર્શન હેઠળ વલસાડ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક એ. કે. વર્મા, તથા વાપી વિભાગના નાયબ પોલીસ અધિક્ષક બી. એન. દવેના અધ્યક્ષતામાં વલસાડ જિલ્લાના વલસાડ સીટી પોલીસ સ્ટેશન તથા ભીલાડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મેગા ડે-કોમ્બિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડે-કોમ્બિંગમાં વલસાડ સીટી પો.સ્ટે તથા ભીલાડ પો.સ્ટે વિસ્તારમાં વલસાડ સીટી, વલસાડ રૂરલ, ડુંગરી, ભીલાડ, ઉમરગામ, મરીન, એલ.સી.બી, એસ.ઓ.જી, પેરોલ ફર્લો સ્કવોડ, જિલ્લા ટ્રાફીક, QRT ટીમના પોલીસ ઇન્સ્પેકટર-07 તથા પોલીસ સબ ઇન્સ્પેકટર-09 તેમજ પોલીસ કર્મચારીઓ-89 તથા હોમગાર્ડ/GRD/SRDના સભ્યો-60 મળી કુલ 167 પોલીસ અધિકારી/કર્મચારીઓ મારફતે મેગા ડે-કોમ્બીંગનુ આયોજન કરી કામગીરી હાથ ધરી હતી.-

કોમ્બિંગ દરમિયાન પાલીસની કામગીરી

મેગા ડે-કોમ્બિંગ દરમિયાનની કામગીરીમાં 57 MCR કાર્ડવાળા ઇસમોનું ચેકીંગ, 06 પ્રોહીબિશનના કેસ, 05 હિસ્ટ્રીશીટર ઇસમોનું ચેકીંગ, 1 જુગારનો કેસ, 23 પ્રોપર્ટી મેન્ટર ચેકના કેસ, 42 સ્થળોએ પ્રોહીબિશનની નીલ રેઇડના કેસ, 6 NDPS મેન્ટર ચેકના કેસ, દંગાપડાવ, ભંગાર ગોડાઉનના 21 કેસ, 45 પ્રોહીબિશનના બુટલેગર ઇસમોનું ચેકીંગ, M.V.Act હન ડિટેઇનના 27 કેસ, જુગાર બુટલેગર ઇસમો ચેકના 03 કેસ, 68 બી-રોલના કેસ, 21,000 રૂપિયા સ્થળ દંડ તરીકે વસુલ્યા હતા તથા 18 ચાલીઓ ચેક કરવામાં આવી 118 ભાડાની રૂમો ચેક કરવામાં આવી, BNSS-128 મુજબ 03 શકમંદ ઇસમો સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

વાપીમાં મારામારી માટે લીધેલા પૈસા પરત આપતા યુવાનને બે ઈસમોએ ફટકાર્યો

મિત્રને મારવા માટે લીધેલા રૂપિયા 68 હજાર પાછા આપવાનું કહેતા લાકડાના ફટકા મારી ઘાયલ કર્યો

વાપી : વાપીમાં રહેતા કલામ શેખની દેવાંગ પટેલ સાથે મિત્રતા થઈ હતી અને દેવાંગના મિત્ર અજમલ સાથે પણ મિત્રતા કેળવાઈ હતી. ચારેક દિવસ પહેલા કલામ તથા દેવાંગ પટેલ તથા અજમલ સાથે વાપી જીઆઈડીસીમાં ચાની દુકાને આવ્યા હતાં. દેવાંગ પટેલે રૂપિયા 18 હજાર અજમલને આપ્યા હતા અને એક શખ્સને મારવાનું જણાવ્યું અને ફરીથી રૂપિયા 50 હજાર આપી તે શખ્સને મારવાની વાતચીત થઈ હતી.

આ બાબતે કલામ શેખે મિત્ર અજમલને દેવાંગની વાતમાં ન આવીશ ખોટા કોઈ ગુનામાં ફસાવી દેશે કહેતા અજમલે શખ્સને મારવા માટે લીધેલી રકમ પરત કરી હતી. ગુરૂવારે કલામ મોપેડ લઈને વાપી ચાની દુકાને આવ્યા ત્યારે મિત્ર દેવાંગ પટેલ ત્યાં હાજર હતો. જે બાદ મિત્રની મુલાકાત કરી કલામ ઘરે જવા માટે નીકળેલા ત્યારે દેવાંગ પટેલે તેને થપ્પડ મારી દીધી હતી. જે અંગે કલામે પૂછતા તેણે ગાડીમાં બેસી જવાનું કહી વાપી ભીખીમાતા મંદિર પાસે લઈ ગયો હતો અને ત્યાં મિત્ર અજમલ તથા કેતન ભાનુશાળી (રહે. ચણોદ) ને ફોન કરી બોલાવી લેતા બંને બાઈક પર આવી ગયા હતાં. જે બાદ કેતન અને દેવાંગ પટેલે લાકડાના હાથા અને ઢીક્કામુક્કીનો માર માર્યો હતો. દેવાંગે લાકડાના હાથા વડે હાથ-પગ પર મારતા તેને ફ્રેકચર થયું હતું. ઈજાગ્રસ્ત બનેલા કલામે મિત્રને ફોન કરી બોલાવી હોસ્પિટલ સારવાર માટે ખસેડ્યો હતો. આ બનાવ અંગે કલામ શેખે વાપી ઉદ્યોગનગર પોલીસ મથકે મારામારી કરનારા (1) દેવાંગ પટેલ (રહે. વાપી ટાઉન) અને (2) કેતન ભાનુશાળી (રહે. ચણોદ) સામે ફરિયાદ નોંધાવી હતી.

વાજવડનો યુવાન 31 જાન્યુઆરીથી બાઈક સાથે ગુમ

વલસાડ : વલસાડ જિલ્લાના કપરાડાના વાજવડનો યુવાન બાઈક લઈ ગયા બાદ પરત ઘરે નહીં આવતા નાનાપોંઢા પોલીસમાં ફરિયાદ દાખલ થઈ છે. પલાડ ફળિયામાં રહેતા હંસરાજભાઈનો દીકરો પટેલ ગત 31 ડિસેમ્બરે બાઈક નં. જી.જે.15. ઈ.એચ.5243 લઈને નીકળી ગયો હતો. ત્યારબાદ ભાઈ પ્રિયાંશ પટેલના મોબાઈલ ઉપર કોલ આવ્યો હતો પરંતુ સરખી વાત થઈ ન હોવાથી કરનના પિતા હંસરાજભાઈ અને પ્રિયાંશે કરનના મોબાઈલ ઉપર કોલ કરતા તેનો ફોન સ્વીચઓફ આવતો હતો. તેથી તેની તપાસ કરવા છતાં કરનનો કોઈ પત્તો નહીં લાગતા પોલીસ મથકે પુત્ર ગુમની ફરિયાદ આપી હતી.

અમેરિકાથી દેશનિકાલ કરાયેલા ભારતીયો સાથે થયેલા અમાનવીય વ્યવહાર અંગે રાષ્ટ્રપતિને આવેદનપત્ર

દમણ : અમેરિકાથી દેશ નિકાલ કરાયેલા ભારતીય નાગરિકો સાથે થયેલા અમાનવીય વ્યવહાર અંગે દમણ દીવ કોંગ્રેસે રાષ્ટ્રપતિને આવેદનપત્ર પાઠવ્યુ છે. પ્રદેશ અધ્યક્ષ કેતન પટેલે આવેદનપત્રમાં જણાવ્યું છે કે, યુ.એસ.એ.થી 104 જેટલા ભારતીય નાગરિકોનો દેશ નિકાલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેમની સાથે અમાનવિય વ્યવહાર કરવામાં આવ્યો હતો. જે આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સંધિઓનું સ્પષ્ટ ઉલ્લંઘન કર્યું હોય તેવું જોવા મળી રહ્યું છે. જે ભારતીયોનો દેશ નિકાલ અમેરિકાથી કરાયો છે તેમને 40 કલાક સુધી વિમાનમાં હાથમાં બેડીઓ પહેરાવી બેસાડ્યા હોય જે અસંવેદનશીલ અને અપમાનજનક કૃત્યની સાથે ભારતીય નાગરિકોની ગરિમા પર સીધો ઠેસ પહોંચાડ્યો હોય તેવું કૃત્ય કરાયા બરાબર છે. ત્યારે કેતન પટેલે આ અંગે ભારત સરકાર અમેરિકા સામે જરૂરી પગલાં ભરે તેવા હેતુથી જરૂરી સૂચનો જણાવ્યા છે. જેમાં ભારત સરકારે આ માનવીય વર્તન સામે મજબૂત રાજદ્વારી વિરોધ નોંધાવો જોઈએ અને યુએસ સરકાર પાસેથી સ્પષ્ટતાની સાથે માફીની માંગણી કરવી જોઈએ. એટલું જ નહીં પણ ભવિષ્યમાં ભારતીય નાગરિકોની સુરક્ષા અને ગરિમા સુનિશ્ચિત કરવા માટે ભારત સરકારે સંયુક્ત રાષ્ટ્ર અને અન્ય આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સંસ્થાઓને આ મુદ્દાથી વાકેફ કરવા જોઈએ તેવા સૂચનો જણાવી યોગ્ય ન્યાયની માંગ કરી છે.

બુધ્ધિનું પ્રદશન: કોતરમાં જવા માટે રસ્તાનું અસ્તિત્વ નથી ત્યાં કોઝવેનું ખાતમુહૂર્ત

સુખલાવ ગામમાં ખાનગી વાડીમાં જિલ્લા પંચાયત દ્વારા 22 લાખ ખર્ચે સરપંચે ખાતમુહૂર્ત કરતા વિવાદ

ચોક્કસ વ્યક્તિ માટે આ ચેક ડેમ સરકારી તિજોરીના ખર્ચે બનાવવામાં આવી રહ્યાનો આક્ષેપ

પારડી : પારડી તાલુકાના સુખલાવ ગામની એક ખાનગી વાડીની જમીનમાં આવેલા કોતર ઉપરમાં 22 લાખના ખર્ચે ચેકડેમ કમ કોઝવે બનાવવાની તજવીજ હાથ ધરાતા વિવાદ સર્જાયો છે. પારડી તાલુકાના સુખલાવ ગામમાં એક ખાનગી વાડીમાં રૂપિયા 22 લાખના ખર્ચે જિલ્લા પંચાયત વલસાડના સિંચાઈ વિભાગ દ્વારા ચેકડેમ સાથે કોઝવેનું સુખલાવ ગામના સરપંચ અમુલ પટેલ તેમજ સિંચાઈ વિભાગના હાર્દિક પટેલની ઉપસ્થિતિમાં ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જો કે આ સ્થળ નિરીક્ષણ કરતા જાણવા મળ્યું કે ખાનગી વાડીમાં ચેકડેમ કમ કોઝવે બનાવવામાં આવી રહ્યો છે. તે સ્થળની આગળ કે પાછળ ચેકડેમ પાસે પહોંચવાનો કોઈ રસ્તો નથી. જેથી આ કોઝવે કમ ચેક ડેમનો અન્ય ખેડૂતો સિંચાઈ માટે કેવી રીતે ઉપયોગ કરી શકે તે પ્રશ્ન છે. એક જ ખેડૂત માટે કે પછી સરપંચના કથિત નિકટના વ્યક્તિ માટે આ ચેક ડેમ સરકારી તિજોરી ના ખર્ચે બનાવવામાં આવી રહ્યો હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે.

સ્થાનિક ખેડૂતોની માંગ છે કે આ ચેકડેમ પહેલા અન્ય સ્થળે મંજુર કરવામાં આવ્યો હતો. બાદમાં જ્યાં ખેડૂતોને જરૂર ન પડે ત્યાં ખાતમુહૂર્ત કરીને કામ કરવાની તજવીજ હાથ ધરાઈ છે. ગામ લોકોના જણાવ્યા મુજબ કોઈ ચોક્કસ વ્યક્તિને લાભ પહોંચાડવા સરકારી તિજોરી ખંખેરાઈ રહી હોવાનું નજરે ચઢી રહ્યુ છે. થોડા સમય પહેલા વલસાડ જિલ્લાના એક મોટા નેતાની વાડીમાં પહોંચવા ૪ કરોડના સરકારી ખર્ચે બ્રિજ બનાવવાનો વિવાદ થયો હતો. હવે એવો જ વધુ એક કિસ્સો પારડીમાં સામે આવ્યો છે. આ કિસ્સાની તપાસ કરવી જરૂરી છે.

બીલીમોરા નગરપાલિકાની ચૂંટણીમાં મતદારોમાં ઉત્સાહ જોવા મળતો નથી

ભાજપનું 30 વર્ષથી શાસન છતાં પ્રજા સુવિધાથી વંચિત

રેલવે અંડરગ્રાઉન્ડમાં બારેમાસ ગટરીયા પાણીના ભરાવાથી લોકો પરેશાન

સોમનાથ તળાવનું કામ વર્ષોથી ચાલી રહ્યું હોવા છતાં હજી પૂરું થયું નથી

ભાજપના જુના જોગીઓની ટિકિટો કપાતા અસંતુષ્ટોએ અપક્ષ ઉમેદવારી નોંધાવી

■ ઓવરબ્રિજનું લોકાર્પણ કરવા છતાં આજ સુધી સર્વિસ રોડના ઠેકાણા નથી

બીલીમોરા : બીલીમોરા નગરપાલિકાની ચૂંટણીમાં મતદારોમાં ઉત્સાહ જોવા મળતો નથી. 30 વર્ષના બીલીમોરા નગરપાલિકાના ભારતીય જનતા પક્ષના શાસન પછી પણ પાયાની સુવિધાથી પ્રજા વંચિત રહેવા પામી છે.

છેલ્લા 30 વર્ષથી બીલીમોરા નગરપાલિકામાં એક હથ્થું ભાજપનું શાસન ચાલે છે. તેમ છતાં શહેરની પાયાની સુવિધા આપવામાં પાલિકા નિષ્ફળ ગઈ છે. તાજેતરનો કિસ્સો જોવાય તો છેલ્લા બે વર્ષથી ઓવરબ્રિજનું મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે લોકાર્પણ કરવા છતાં આજની સુધી સર્વિસ રોડના ઠેકાણા નથી. ખૂબ જ સાંકડા સર્વિસ રોડને કારણે તેનો ઉપયોગ થઈ શકતો નથી. તો રેલવે અંડરગ્રાઉન્ડમાં બારેમાસ ગટરીયા પાણીનો ભરાવો કોઈ નવી વાત નથી, જેના મૂળમાં અહીં બનેલા કડકા પુલની ક્ષતિગ્રસ્ત ડિઝાઈનને કારણે પાણીનો યોગ્ય નિકાલ ન થવાને કારણે કાયમ માટે ગંદુ મેલુ પાણી ભરાયેલું રહે છે.

પાલિકા કચેરી પાસેનું સોમનાથ તળાવનું છેલ્લા કેટલાક વર્ષો સુધીનું કામ ચાલી રહ્યું હોવા છતાં હજી પૂરું થયું નથી. કરોડો રૂપિયાની ગ્રાન્ટનો ઉપયોગ કાગળ ઉપર થાય છે પણ સ્થળ પર તેનો પૂરેપૂરો ઉપયોગ થયો છે કે કેમ તેની દરકાર કોઈએ રાખી નથી. ચોમાસામાં પાણી તળાવમાં જોવા મળે છે પણ ઉનાળો આવતા જ પાણીનુ એક ટીપું રહેતું નથી. જે પછી તેનો ઉપયોગ નાઈટ ક્રિકેટ રમવા માટે થતો હોય છે. તેવા હાલ બીલી તળાવના પણ છે ત્યાં પણ છેલ્લા કેટલાક સમયથી તળાવ નવીકરણની કામગીરી ચાલે છે જે પૂરૂ થવાનું નામ લેતુ નથી.

ભાજપની શામ, દામ, દંડ, ભેદની નીતિથી સીટો કબજે કરવા મથામણ

આ બધા પ્રશ્નો યથાવત રહેતા મતદાનનો ઉત્સાહ આ વખતે પાલિકાની ચૂંટણીમાં બિલકુલ નીરસ દેખાઈ રહ્યો છે. ભાજપના જુના જોગીઓની ટિકિટો કપાઈ છે જેથી તેવા અસંતુષ્ટોએ અપક્ષ ઉમેદવારી કરી છે. શામ દામ દંડ ભેદ નીતિ અપનાવીને બીજેપી પાલિકાની તમામ સીટો કબજે કરવા મથી રહી છે જેમાં અપક્ષો આ વખતે નિર્ણાયક ભૂમિકા ભજવશે. એમાં બે મત નથી. બીજી બાજુ વારે ઘડીએ ઉભરાતી શહેરની મોટાભાગની ભૂગર્ભ ગટરનું કોઈ સોલ્યુશન પાલિકા લાવી શકી નથી. ગેરકાયદેસર બાંધકામનો રાફડો ફાટ્યો છે જેને ઇમ્પેક્ટ ફી ના હુલામણા નામે રેગ્યુલર કરવાના ખેલથી ટ્રાફિક સમસ્યા વિકટ બને છે. આવી અનેક સમસ્યાથી ઘેરાયેલું બીલીમોરા શહેરની આ વખતે પાલિકાની ચૂંટણીમાં લોકોને બિલકુલ ઉત્સાહ જોવા મળ્યો નથી. જોકે કોંગ્રેસ પાસે પ્રબળ નેતૃત્વ નથી, અપક્ષો જીતવાના તમામ પ્રયત્નો કરશે પણ તે કેટલા સફળ થશે એ કેવું અત્યારે વહેલું છે.

જાહેર નોટીસ

આથી આ નોટીસની જણાવવાનું કે હાલમાં (૧) પ્રતિક્ષાબેન તે અમૃતભાઈની દીકરી તથા મિતેશભાઈ મહેન્દ્રભાઈ પટેલની વિધવા તથા હાલમાં પ્રિમ્પલકુમાર પટેલની પત્ની તથા (૨) સગીર હર્વી મીતેશકુમાર પટેલ – કુદરતી વળી અને માતા – પ્રતિક્ષાબેન તે અમૃતભાઈની દીકરી તથા મિતેશભાઈ મહેન્દ્રભાઈ પટેલની વિધવા તથા હાલમાં પ્રિમ્પલકુમાર પટેલની સંયુક્ત માલિકીના ફલેટ નં. બી–૩૦૪, ક્ષેત્રફળ ૭૫.૬૫ ચો.મી વોર્ડ નં. ૯, ઘર નં. ૧૦૦૯૮૨૦૧/૧, પ્રભાકુંજ રેસીડેન્સી, ગમતળ જમીન, વિજલપોર, જિ. નવસારી વાળી મિલકત ખરીદવા માટે વેચાણ લેનાર રાજે શ્રી રાજેશભાઈ મગનુરને ધિરાણ આપનાર છે.

સદરહું મિલકત સામે કે સદરહું મિલકતનાં કાગળો સામે કોઈપણ વ્યક્તિ, બેંક, નાણાંકીય સંસ્થા, સરકારી કચેરી, નગરપાલિકા, પંચાયત સોસાયટી, એસોસીએશન કે અન્ય કોઈનો હક્ક, હિસ્સો, દર–દાવો, વાંધો, કબજો કે બોજો હોય તો આ નોટીસ થી દિન–૫ માં પુરાવા સહીત નીચેનાં સરનામે સંપર્ક કરી લેખીત વાંધો ઉઠાવવો. સદરહું મુદતમાં હમોને વાંધો ન મળે તો, સદરહું મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિસ્સો, વાંધો કે બોજો નથી અને હોય તો જતો કરેલ છે. એવું ફલીત થશે અને તેનાં આધારે બેંક સદરહું મિલકત ખરીદવા માટે કરજદાર રાજે શ્રી રાજેશભાઈ મગનુર ને બેંક સદરહુ મિલકતક સામે ધીરાણ કરશે અને ત્યાર બાદ કોઈપણ વ્યક્તિ, બેંક, નાણાંકીય સંસ્થા કે અન્ય કોઈની કોઈપણ પ્રકારની તર–તકરાર ચાલી શકશે નહીં અને કરવામાં આવશે તો તે રદબાતલ ગણાશે જેની સ્પષ્ટ નોંધ લેવી.

મેનેજરશ્રી,
સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા,
દસ્તુરવાડ શાખા, નવસારી.

તારીખ : ૦૮.૦૨.૨૦૨૫
ફોન : ૭૫૬૭૮ ૮૩૮૬૫

જાહેર નોટીસ / જાહેર ચેતવણી

આથી જાહેર જનતાને આ જાહેર નોટીસ/જાહેર ચેતવણીથી જણાવવાનું કે, નીચે જણાવેલ મિલકતો હમારા અસીલો (૧) ફારૂક અબ્દુલહે પટેલ (૨) અશરફ અબ્દુલહે પટેલ (૩) યાસ્મીન અબ્દુલહે પટેલ (૪) ઈકબાલ અબ્દુલહે ભાણા (૫) અબ્દુલરશીદ અબ્દુલહે ભાણા (૬) અબુબકર અબ્દુલહે ભાણા (૭) જમીલા તે અબ્દુલહે ભાણાની પુત્રી અને સલીમ પટેલની પત્ની (૮) આયેશા ભટ્ટાઈ (૯) ઝકરીયા યુસુફ ભટ્ટાઈ (૧૦) અકીલા યુસુફ ભટ્ટાઈ (૧૧) મો